# એસ.ટી.ની સલામત સવારીના પોઈન્ટ બસ સ્ટોપના બોર્ડ કોતરાયેલી હાલતમાં

ગાંધીનગર તા ૧

શહેરના એસ ટી ડેપોમાં કોરોના કાળમાં લાંબા સમયના અંતે હવે ધીમે ધીમે ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. શહેરી બસ સેવા ઉપરાંત ડેપો દ્વારા કર્મચારીઓને અનુલક્ષીને ખાસ પોઈન્ટની બસ સેવાનુ પણ સંચાલન કરવામાં આવે છે. સચિવાલય નજીક સ્થિત પોઈન્ટ બસ સ્ટોપમાં રૂટ દર્શાવતા બોર્ડસ પણ કોતરાઈ ગયા છે. અલબત્ત તુટેલા બોર્ડસ દુર કરીને નવા બોર્ડસ મુકવામાં આવે તેમ પણ કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગરમાં સ્માર્ટ પીક અપ સ્ટેન્ડ બનાવવાની વાત થઈ રહી છે. જો કે હાલ શહેરમાં વિવિધ પ્રકારના બસ સ્ટોપ જોવા મળે છે. વિવિધ ગ્રાન્ટમાંથી બસ સ્ટેન્ડ બનાવવાની ઉતાવળમાં બસ સ્ટોપની જુદી જુદી ડિઝાઈન પણ નાગરિકો માટે મુંઝવણનો વિષય બની છે. એકબાજુ એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ વર્ષોના અંતે સાકાર થઈ નથી. અમદાવાદની જેમ લોકભાગીદારીથી ડેપો સંકુલને વિકસાવાની યોજના અભેરાઈ ચઢી ગઈ છે. જેના લીધે ડેપો સંકુલમાં મુસાફરોની સલામતની નામે મીંડુ ચિતરાયેલુ છે. મુસાફરોના અવારનવાર ખિસ્સા કપાય છે.જયારે પાટનગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ડેપોને અનુરૂપ સુવિધાઓ નામે પણ જોવા મળતી નથી. ગંદકી અને અવ્યવસ્થાનો અડ્ડો બનેલા ડેપો સંકુલમાં બહારથી આવતા મુસાફરોનુ મોં વંકાય છે. છેલ્લા ઘણાં સમયથી કોરોના કાળમાં એસ ટી ડેપાની આવકમાં પણ ઘટાડો થયો છે. આઠ મહીનાના અંતે માંડ એસ ટી ના પૈડ ટ્રેક પર ફરતા થયા છે. ત્યારે ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા પણ ધમધમતી થઈ છે. મુસાફરો હવે શહેરી બસ સેવાનો ઉપયોગ વધુ કરતા બસમાં પણ ટ્રાફિક જોવા મળે છે. ગાંધીનગરમાં સચિવાલયને અનુલક્ષીને પોઈન્ટની બસ સેવા પણ કાર્યરત છે. કર્મચારીઓની અવરજવર માટે પોઈન્ટ બસ સેવાના બસ સ્ટોપ પર રોજબરોજ સવાર સાંજ બસો આવે છે. પરંતુ હાલ આ પોઈન્ટ સેવાના બસ સ્ટોપ પર મુકાયેલા બોર્ડસ પણ કોતરાઈ ગયા છે. લોકડાઉન અને કોરોનાની અસર વચ્ચે સલામત સવારીમાં અપડાઉન કર્તાઓ માંડ સલામત સવારી તરફ વળ્યા છે. ત્યારે પોઈન્ટ બસ સેવાના આ સ્ટોપ પર રૂટમાં જતી બસના બોર્ડસ નવા મુકાય તેવી માંગ પણ કર્મચારીઓમાં ઉઠવા પામી છે.



# સુશ્રી જહાનવી પટેલે નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે હોદ્દો સંભાળ્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે સુશ્રી જહાનવીબેન પટેલે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી વનીલાબેન પટેલની જગ્યા પર સુશ્રી જહાનવી પટેલને બઢતી આપી મુકવામાં આવ્યા છે. તેઓ વિકાસ કમિશનરની કચેરીમાં ફરજો બજાવતા હતા.

અગાઉ તેઓ ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવી ચુકયા છે. સુશ્રી જહાનવી પટેલે આજે હોદ્દાનો ચાર્જ સંભાળતાં કર્મચારીઓએ તેમને અભિનંદન આપ્યા હતા. દરમિયાન સુશ્રી વનીલાબેન પટેલે પણ આજે મહેસાણા ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકેનો ચાર્જ સંભાળી લીધો છે.

ગત સપ્તાહે જ છ જેટલા નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓની બદલીના હુકમો થયા હતા જે ઉલ્લેખનીય છે.

# પાનસર બસ સ્ટેન્ડ પાસેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર ગામના બસ સ્ટેન્ડ સામે આવેલા પાન પાર્લરની પાછળના ભાગે વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સને એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે વરલીને લાગતા સાહિત્ય અને રોકડ રકમ રૂ.૧૧,૨૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે. રાઠોડની ટીમ કાર્યરત હતી. તે સમયે એલસીબી ની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી. જેથી પોલીસે બસ સ્ટેન્ડ પાસે રેઈડ પાડીને રણજીતસિંહ કાંતિભાઈ રાવળ (રહે. પાનસર ગામ રાવળ વાસ)ને પકડી પાડી પાડ્યો હતો. અન્ય વ્યકિતઓ પોલીસને જોઈ ગભરાઈને ભાગી ગયા હતા. પોલીસે યુવક પાસેથી વરલી મટકાનું સાહિત્ય અને રોકડા રૂ.૧૧,૨૯૦ મળી આવતા પોલીસે તે કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની મહિલા - બાળ વિકાસ વિભાગની એક કર્મયોગીની કોરોનાથી સંક્રમિત થઈ છે.
- જિલ્લા વૃક્ષછેદનની પ્રવૃત્તિ બેરોકટોક ચાલી રહી હોવાથી પ્રકૃત્તિપ્રેમીઓમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.
- કેન્દ્રના આરોગ્ય વિભાગે વેક્સીનેશનને લઈ આજે વધુ એકવાર વિડિયો કોન્ફરન્સ કરી હતી.
- ગાંધીનગર જિલ્લા મેલેરિયા અધિકારીનો ચાર્જ ગાંધીનગર તાલુકાના આરોગ્ય અધિકારીને સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગરમાં પલ્સ પોલિયો અભિયાનને લઈ આજે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે ટાસ્ક ફોર્સની બેઠક મળશે.
- આઈ.પી.એલ. અધિકારીઓની બદલી પછી એકાદ-બે દિવસમાં જ સનદી અધિકારીઓની બદલીઓ થશે તેવી અટકળો કર્મચારી વર્ગમાં જોરશોરથી ચર્ચાતી સંભળાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો વધવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં તમાકુ નિયંત્રણ અંગે આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે બેઠક મળશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




એકવીસની સાલમાં મહાદેવ તમારી એક જ 'વીશ' પુરી કરવાના છે... કાં તો બહાર રહો અથવા જીવતા રહો...


## નામ બદલેલ છે

મારું નામ શાક્ષી જયેશભાઈ પટેલ હતું તે બદલી નવું નામ સાક્ષી જયેશભાઈ પટેલ કરેલ છે.

લી.
સાક્ષી જયેશભાઈ પટેલ
પ્લોટ નં. ૩૦, સે.૧૯,
ગાંધીનગર

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

નિવિદા નંબર : એબી/ટીસી/૧૪, સને ૨૦૨૦-૨૧
ટેન્ડર આઈડી નંબર : ૪૪૧૯૯૩ અને ૪૪૨૦૨૩

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર આઈડી નંબર : ૪૪૧૯૯૩ "Hiring of NABL Consultation Services for NABL accreditation to 25 drinking water testing laboratories under GJTI, GWSSB as per ISO/IEC 1725:2017" અંદાજીત કિંમત રૂ. ૫૫.૮૩ લાખ, સબમીશનની છેલ્લી તારીખ ૧૬/૧/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી અને ટેન્ડર આઈડી નંબર ૪૪૨૦૨૩ "Providing, Supplying and Installation of water testing Laboratory Instruments/Equipments with NABL approved calibration certificates including 4 year of Comprehensive Maintenance", અંદાજી કિંમત રૂ. ૪૩૧.૩૫ લાખ, સબમીશનની છેલ્લી તારીખ ૧/૨/૨૦૨૧, ૧૮.૦૦ કલાક, માટે ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકારી રહેશે.

માહિતી/૧૬૩૮/૨૦-૨૧


